સત્ય સદાય ચીર યૌવન છે તે વૃધ્ધ થતું નથી
- બર્નાડ શો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

વર્ષ : (૨૭) અંક નં. ૮૦ | ૩૦ મે ૨૦૧૨, બુધવાર, જયેષ્ઠ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ગુજરાતના માર્ગોને હવે ફાઈવસ્ટાર રેટિંગ



## વર્લ્ડબેન્કની યોજના અંતર્ગત ૧૬૦૦ કિલોમીટરના માર્ગોનો અભ્યાસ કરી વન ટુ ફાઇવનું રેટિંગ અપાશે

**(વિશેષ પ્રતિનિધિ)**
ગાંધીનગર, તા.૨૯

ગુજરાતના માર્ગોને સ્ટાર રેટીંગ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં ૪૦ અલગ અલગ પ્રકારના કોરિડોર આવેલા છે જે ૧૬૦૦ કિલોમીટરનું અંતર ધરાવે છે. સેફ્ટી પેરામિટર પ્રમાણે આ માર્ગોનો સ્ટડી કરવામાં આવશે.

વર્લ્ડબેન્કના પ્રોજેક્ટ અંતર્ગત અમલમાં મૂકાનારી આ સ્ટડી યોજના ૫૬ પ્રકારના પેરામિટર્સ જોશે, જેમાં માર્ગ અકસ્માતો, ટ્રાફિક ફ્લો, ક્વોલિટી, રોડ સાઈડની ઈન્વેટરી, ચાલવાના ક્રોસ રસ્તા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવનાર છે.

ઈન્ડિયન રોડ સર્વે એન્ડ મેઈનટેનન્સ પ્રાઈવેટ લિમિટેડના પ્રોજેક્ટ મેનેજર અભિષેક તિવારીએ જણાવ્યું હતું કે પુરતો સ્ટડી કર્યા પછી ગુજરાતના માર્ગોને વન ટુ ફાઈલ સ્ટારનું રેટિગં આપવામાં આવશે. રોડ એસેસમેન્ટ પ્રોગ્રામમાં આ કંપની ઓસ્ટ્રેલિયન અને ચેન્નાઈ બેઝ એક ગ્રુપ સાથે જોડાયેલી છે જે વર્લ્ડબેન્કના માર્ગદર્શનમાં કામ કરશે.

આ હાઈવે સ્ટડીના પ્રોજેક્ટમાં ૧૦૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. સ્ટડી ઉપરાંત હાઈવે અપગ્રેડેશનની બાબતને જોવામાં આવશે. એક સપ્તાહમાં આ પ્રોજેક્ટનો વલસાડ જિલ્લામાંથી પ્રારંભ થશે. આ યોજનામાં ગુજરાત સ્ટેટ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ૧૬૦૦ કિલોમીટરના માર્ગોને આવરી લેવામાં આવ્યા છે.

રાજ્યમાં ૬૦ કિલોમીટર અને તેથી વધુની લંબાઈના જે માર્ગો છે તેમાં પારડી-ડીકસલ, સાવરકુંડલા-ઢાલા (અમરેલી), મહેસાણા-હિંમતનગર, જામનગર-મેવાસા, વાંસદા-ધરમપુર-વાપી, બોડેલી-અલીરાજપુર અને રાજકોટ-મોરબીનો પણ સમાવેશ થાય છે.

આ પ્રકારનો પ્રોજેક્ટ ગુજરાત ઉપરાંત રાજસ્થાન, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને કેરાલામાં અમલમાં મૂકવામાં આવ્યો છે. કેરાલા અને કર્ણાટકમાં ૧૧૦૦ કિલોમીટરના ડેટાનું કલેકશન કરી દેવામાં આવ્યું છે. હવે ગુજરાતમાં ઈન્સ્પેકશન શરૂ થઈ રહ્યું છે.

ADMISSION NOTIFICATION
BBA
Batch-2012-15 [Morning College]
(The programme is approved by UGC, Union Ministry of HRD, Govt. of India)
from
a State University with " A Grade " NAAC Accreditation
at
IBMR Business School, Ahmedabad
Eligibility : XII pass in Science, Arts, Commerce from any State Board or equivalent.
Free prospectus and application forms are available at the campus.
Campus Address:
Monday to Saturday
Facilities : AC Campus, Wi-Fi Connectivity, Complimentary Tab, Guest Lectures, Industrial Visits, SIP's in Top Companies, Library with 10,000 books.
IBMR Business School
Director & Dean

# આયોજન પંચ સાથે ૧લી જૂને બેઠક

## રાજ્યની વાર્ષિક યોજના રજુ કરાશે : મુખ્યમંત્રીના નેતૃત્વમાં અધિકારીઓનું પ્રતિનિધિમંડળ ૩૧મીએ દિલ્હી જશે : રાજ્યની વિકાસગાથાનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કરાશે

ગાંધીનગર, તા. ૨૯

કેન્દ્રના આયોજન પંચ સાથે ૧લી જૂનના મળનારી બેઠકમાં ગુજરાત સરકાર રાજ્યની વાર્ષીક યોજના રજુ કરીને રાજ્યએ સાધેલા વિકાસની ગાથાનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવશે.

ગત માર્ચમાં રાજ્યની વર્ષ ૨૦૧૨-૧૩ની વાર્ષીક યોજનાનું ઘડતર કરીને વિધાનસભા સત્રમાં મંજુર કરવામાં આવ્યા બાદ હવે કેન્દ્રના આયોજન પંચ સમક્ષ આ યોજનાની મંજુરી મેવવામાં આવનાર છે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ, આયોજન રાજ્યમંત્રી અને વિવિધ વિભાગોના અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ ૩૧મીના રોજ દિલ્હી જનાર છે.

૧લી જૂનના રોજ કેન્દ્રના આયોજન પંચના અધ્યક્ષ સાથે યોજાનારી બેઠકમાં ગુજરાત સરકાર રાજ્યની વર્ષ ૨૦૧૨-૧૩ની રૂ. ૫૦ હજાર કરોડની વાર્ષિક યોજના રજુ કરશે. રાજ્ય સરકાર દ્વારા આયોજન પંચ સમક્ષ રજુ કરવામાં આવનાર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનમાં છેલ્લા કેટલાક સમયથી ઊર્જા, પાણી, માર્ગો, સામાજીક સેવાઓ, સહિતના ક્ષેત્રોમાં વિવિધ યોજનાઓ અમલમાં મુકીને સાધેલ વિકાસની ગાથા રજુ કરવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યની આર્થીક વિકાસ ઔદ્યોગીક વિકાસ સહિતની

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં કાળઝાળ ગરમીને પગલે નગરજનો ત્રાહિમામ

## મહત્તમ તાપમાન ૪૧.૮ સુધી પહોંચ્યું

ગાંધીનગર, તા. ૨૯

છેલ્લા દશ દિવસથી પડી રહેલી કાળઝાળ ગરમીના કારણે નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે. ગરમીનો પારો આજે પણ ૪૧.૮ ડીગ્રી જેટલો ઉંચો રહેતા પાટનગરના માર્ગો પર જામતા કર્ફ્યુ જેવો માહોલ સર્જાયો હતો.

ઉનાળાની શરૂઆત થતાં જ ગરમીનો પારો ૩૮ થી ૪૦ સુધી રહ્યો છે. ત્યારે આજે તો છેક ૪૧.૮ જેટલું મહત્તમ તાપમાન રહેતા નગરજનો ત્રાહિમામ પોકારી ગયા હતા. સવારે ભેજનું પ્રમાણ ૬૬ ટકા અને સાંજે ૨૮ ટકા હતું જયારે લઘુત્તમ તાપમાન ૨૮ અને મહત્તમ ૪૧.૮ હતું. ગરમીના આ પ્રકોપમાં લોકો ૧ થી ૪ના ગાળા દરમિયાન ઘરમાં પૂરાઈ રહ્યા હતા. આજે ઘરની બહાર કોઈ નિકળતું ન હતું. જાણે આગ ઝરતી હોય તેવો માહોલ હતો. બળબળતા ઉનાળામાં ખાસ કરીને આજે બફારો વધુ લાગતો હતો. જેના લીધે જનજીવન સાવ શુષ્ક અને અવાક બની ગયું હતું. છેલ્લા દસ દિવસમાં તાપમાનનો પારો આજે ૪૧.૮ અંશ વધી ગયો હતો. સૂર્યના કિરણો માણસને સળગાવી નાખે તેવા આકરા પડતા હતા. ટુ વ્હીલર લઈને બહાર નીકળેલા લોકો આજે તોબા પોકારી ઉઠયા હતા. મોં અને હાથ ઉપર કપડું કે હેલ્મેટ પહેરીને બહાર નિકળેલા લોકો પણ જાણે આગ ઓકતી ગરમીમાં શેકાઈ ગયા હતા. લારી ગલ્લાવાળા નાના-મોટા વેપારીઓએ પણ પોતાની દુકાનો બંધ કરીને ઘરનું ઓઠુ લીધું હતું. જેને ઘર નથી તેવા અને ઝૂંપડામાં રહેતા લોકોએ પણ આજે મોટા મોટા વૃક્ષોનો આશરો શોધ્યો હતો અને જાણે તેના આશરે દિવસ ગુજાર્યો હતો.

ભરત ઇન્ડસ્ટ્રીઝ અમદાવાદનું
હૈદિકા® દુધી કેશતેલ

# સરકારે સિમેન્ટના ભાવમાં ૧૫ રૂપિયાનો વધારો કર્યો

## વિભાગોની સરકારી યોજનાઓમાં ખરીદ કરવામાં આવતા સિમેન્ટના ત્રિમાસિક ભાવ નક્કી કરાયા

**(વિશેષ પ્રતિનિધિ)**
ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સરકારના વિભાગો દ્વારા વાપરવામાં આવતા સિમેન્ટની પ્રાપ્તિ તથા ઉપલબ્ધિ અંગેની કેન્દ્રીય ધોરણે કામગીરી હાથ ધરવાનું નક્કી કરવામાં આવતા સિમેન્ટના ભાવમાં હવે રાજ્ય સરકારે પુરવઠા વિભાગની દરખાસ્તને ધ્યાને લઈ સિમેન્ટ કંપનીઓને વિસ્તાર પ્રમાણે અનુક્રમે ૨૩૦, ૨૩૫ અને ૨૪૦ રૂપિયા ચૂકવવાના રહેશે. આ ભાવ માત્ર ત્રણ મહિના માટે એટલે કે જૂન-૨૦૧૨ સુધી અમલી રહેશે ત્યારબાદ પ્રતિ ત્રિમાસિક ગાળા માટે ભાવમાં ફેરફાર કરી શકાશે.



વધારો કરવામાં આવ્યો છે. ગુજરાતમાં હવે આ ભાવ ત્રિમાસિક ધોરણે નક્કી કરવામાં આવે છે. સરકારે સિમેન્ટના ભાવમાં ૧૫ રૂપિયાનો વધારો કર્યો છે.

સરકારની યોજનાઓમાં નાગરિક પુરવઠા નિગમ દ્વારા કરવામાં આવતી આ કામગીરી અંતર્ગત નિગમ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવતા સિમેન્ટના ભાવો માર્ચ-૨૦૧૨ સુધી ૨૧૫થી ૨૨૫ નક્કી કરવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા આબકારી જકાતમાં કરવામાં આવેલા વધારાના કારણે સિમેન્ટ ઉત્પાદક કંપનીઓ દ્વાર ભાવવધારાની તથા પુરવઠા નિગમની દરખાસ્તને ધ્યાને લઈ આ ભાવ નક્કી થયા હતા.

અગાઉ નક્કી કરવામાં આવેલા ભાવ પ્રમાણે સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રતિ બેગ ૨૧૫ રૂપિયા, ઉત્તર અને મધ્ય ગુજરાત (વડોદરા અને પંચમહાલ જિલ્લા સહિત) માં પ્રતિ બેગ ૨૨૦ રૂપિયા અને દક્ષિણ તેમજ મધ્ય ગુજરાતમાં (વડોદરા અને પંચમહાલ જિલ્લા સિવાય) ૨૨૫ રૂપિયા આપવામાં આવતા હતા.

**ખાસ વિનંતી**
આવતીકાલે તા. ૩૧-૫-૧૨ને ગુરૂવારના રોજ અમારી દુકાન બંધ રહેશે. ગ્રાહક મિત્રોએ ખાસ નોંધ લેવી.
**રહીમચાચા**
(ફેરીવાળા)

90% થી વધુ પ્રશ્નો પૂછાવવાની ખાતરી પૂર્વકનું શિક્ષણ...!!
B.Ed./PTC+ થી સ્નાતક ઉમેદવારો માટે..
ધો.6 થી 8 : TETની જાહેરાત પ્રસિધ્ધ થયેલ છે
TET
ધો.6 થી 8 ના ઉમેદવારો માટે ખાસ !
Ph.D. કક્ષાના અનુભવી પ્રાધ્યાપકો દ્વારા પ્રત્યક્ષ શિક્ષણ
તા.31.05.2012 સુધી ફી માત્ર ₹ 14,000/-
વર્ગ શરૂ થવાની તા. 01.06.2012 થી પરીક્ષા સુધી
★ અઠવાડિયાના બધા જ દિવસનું શિક્ષણ
★ દરરોજ 3 કલાક થી 6 કલાક સુધીનું શિક્ષણ
★ વિષયવાર ટેસ્ટ દ્વારા સઘન પરીક્ષણ
સંપૂર્ણ સાહિત્ય ફ્રી
10 પૂરક ટેસ્ટ 3 માસ્ટર ટેસ્ટ
તા. 01.06.12 થી ફી ₹ 28,000/-
સાહિત્ય સહયોગ : 'KNOWLEDGE VALLEY PUBLICATION'
TCCI EDUCATION PVT. LTD.
TCCI 'KNOWLEDGE VALLEY PUBLICATION'
GPSC (વર્ગ 1/2) Dy. SP/DC/મામલતદારની 1350 જગ્યાઓ - સંભવિત ઓકટોબર-2012
તા.25-6-2012 થી પ્રવેશ શરૂ




Stockiest List - Gandhinagar Dist. | S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | **Company Markteing Staff :** | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | **Kartikey Vyas** | | **98796 05116** |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | **Kinshuk Dave** | | **83475 57002** |